ાં ન જોઈએ

લેખક

ગિજુભાઈ

卐

પ્રકાશક
' ગુણસુન્દરી ' કાર્યાલય
૧૧૪, ગિરગામ બૅકરોડ
મુંબઈ-૪

વાનરમિત્રોને

વ્હાલાં વાનરો,

તમે તો મહાન્ કામોમાં પડ્યાં છો. તમારે ચોમેર ફૂપાફૂપ કરવાનું; દોડવાનું ને કુદવાનું; ભુંસવાનું ને લખવાનું; વહેંચવાનું ને વેચવાનું; બોલવાનું ને ગાવાનું ને કેટલું ય કરવાનું! તમે તો હમણાં બહાદુરીનાં કામોમાં પડ્યાં છો. સાહસ તો હવે તમારા શ્વાસોશ્વાસમાં ઉતરી ગયું છે. બીક ને બાયલાપણું તો તમારી દુનિયામાંથી ચાલ્યાં જ ગયાં છે, એટલે હવે તો તમારે સાહસ ને બહાદુરીની વાતો વાંચવાનો વખત ન જ હોય. એ તો જેઓને ઘરમાં સુખેથી 'ઇઝીચેર'માં પડી રહેવું છે તેઓ જ પરાક્રમની ને નિડરતાની વાર્તાઓ વાંચે.

પણ વચ્ચે વચ્ચે તમારે આરામ ને આનન્દ તો લેવા હોય જ ને! અને તમે વાનર થયા એટલે તમારો વાર્તા સાંભળવાનો સ્વભાવ કાંઇ થોડો જ મરી ગયો!

ગિજુભાઇ તમારી ભૂખ બરાબર જાણે છે. આરામની ને બે ઘડી હસવાની તમારી જરૂરને તેઓ ઓળખે છે. એટલે જ જુઓને તેમણે તમારે માટે કેવી સુન્દર વાની તૈયાર કરી! લ્યો ત્યારે, વાંચો ને હસો. બે ઘડી આરામ લો ને વળી તાજા થઇ પાછા મહાન્ કામો કરવા ઉપડો.

પણ ઉભા રહો. જોજો આ વાર્તાઓ વાનરોની નથી; પણ વાંદરાંઓની છે. તમને કોઇ ભૂલમાં 'વાંદરાં' કહે અથવા

'આ વાર્તાઓ તમારી છે' એમ કહે તો કહેજો, "છટ્, અમ ક્યાં આ હસ વાંદરાં જેવા છીએ! અમે તો વાનરો છીએ. અમે તો વાનરસેનાના વાનરો. સ્વતન્ત્ર ને ચપળ. બધાં બન્ધનની બહાર ને કોઈ ન કરી શકે તે કરવાવાળાં!"

હ્યો ત્યારે, રામ રામ.

લિ. તમારી
તારાબ્હેન મોડકના
ઘૂપ ઘૂપ સ્વીકારશો.

નિવેદન

બાળકોમાં આવેલી નવીન જાગૃતિને પોષવા ને વિકસાવવા આ રાષ્ટ્રીય બાલસાહિત્યમાળા શરૂ કરીએ છીએ. બાળકોના વિકાસમાં માળા યથાશક્તિ પોતાનો ફાળો આપે એ દૃષ્ટિએ અમે પૂર્ણ પ્રયત્ન કરવા માગીએ છીએ.

આશા છે કે ગુજરાતનાં એકેએક બાળકના હાથમાં આ માળાની ચોપડીઓ તેમનાં માતપિતાઓ મૂકે ને તેમના આનન્દમાં ને ઉમંગમાં વધારો કરે.

ચન્દ્રશંકર મ. ભટ્ટ
સમ્પાદક

અનુક્રમણિકા

				પાનું
વાર્તા	૧ લી	નકલી વાંદરાં	...	૧
,,	૨ જી	રાજાનો માળી ને વાંદરાં	...	૪
,,	૩ જી	રાજા ને વાંદરો	...	૭
,,	૪ થી	વાંદરો ને મગર	...	૧૧
,,	૫ મી	વાંદરાંના વિચાર !	...	૧૭
,,	૬ ઠ્ઠી	વાંદરાંનો ન્યાય	...	૨૧
,,	૭ મી	વાંદરો ને સુગરી	...	૨૬
,,	૮ મી	વાંદરો ને વટાણા	...	૩૦
,,	૯ મી	વાંદરાંનો ઘા !	...	૩૨
,,	૧૦ મી	મૂરખ વાંદરો	...	૩૬

વાર્તા પહેલી

નકલી વાંદરાં

એક માણસ એક ગામથી બીજે ગામ જતો હતો. તે ટોપીઓ વેચનારો હતો.

બપોર થયા એટલે પેલા વેપારી મુસાફરને વિસામો લેવાની મરજી થઇ. ભાતું ખાઇ, પાણી પી, આંબલીના એક ઝાડ તળે તે સૂતો. બાજુમાં ટોપીઓનું પેલું પોટલું મૂક્યું.

થોડીવારમાં મુસાફર ઘસઘસાટ ઉંઘવા લાગ્યો.

આંબલી ઉપરનાં વાંદરાંએ તેના માથા ઉપર ટોપી જોઇ. બહુ રૂપાળી લાગી! એમના મનમાં થયું, "ચાલોને આપણે પણ ટોપાં ચડાવીએ."

વાંદરાંએ ટોપીઓનું પોટલું જોયું, ને એક પછી એક વાંદરૂ ધીરેથી નીચે ઉતર્યો અને હળવેથી પોટલામાંથી એક એક ટોપી કાઢીને માથે પહેરવા માંડી !

બધાં વાંદરાં બધા ટોપા માથે ચડાવી રાજી થવા લાગ્યાં. મનમાં વિચાર કરવા લાગ્યાં, " કેવાં રૂપાળાં લાગીએ છીએ ! અહો ! આપણે તો બરાબર મુસાફર જેવાજ લાગીએ છીએ !"

અવાજ સાંભળી મુસાફર જાગ્યો. બાજુમાં જુએ તો પોટલું ખાલી. એમાં એક પણ ટોપી ન મળે ! બિચારો હાંફળો ફાંફળો બની ચોમેર ટોપીઓ શોધવા લાગ્યો. ત્યાં તો ખી-ખી-ખી-નો અવાજ સંભળાયો. મુસાફરે ઉંચે જોયું તો દાંતિયાં કરતાં વાંદરાંને માથે ટોપીઓ ! કોઇએ આમ મૂકેલી ને કોઇએ તેમ મૂકેલી !

મુસાફરને ઉંચે જોતો જોઇ બધાં વાંદરાંએ

દાંતિયાં કર્યાં, કુદાકુદ કરી, નાક ચડાવી ખી-ખી ખીજવાટ કર્યો.

મુસાફર ચીડાયો, ગાળો દેવા લાગ્યો. વાંદરા સામેથી ખીખીઆટા કરવા લાગ્યા. મુસાફરે પથરા મારવા માંડયા, વાંદરાંએ તે ઘા ઝીલી લઇ તેને સામા માર્યા. જેમ મુસાફર ધમપછાડા કરે તેમ વાંદરા બમણાં દાંતિયાં કરે. વાંદરાંને તો એમ કે "જેમ મુસાફર કરે તેમ આપણે ય કરવું. આપણે ટોપીવાળા જેમ બરાબર થવું."

મુસાફર કંટાળ્યો. હવે કરવું શું? તેને એકાએક સૂઝયું. પોતાના માથા પરની ટોપી તેણે જોરથી જમીન પર પછાડી. વાંદરાંએ પણ તેમજ કર્યું ને મનમાં રાજી થયાં. પટોપટ મુસાફરે ટોપીઓ એકઠી કરીને પોટલામાં બાંધી લીધી.

મુસાફર મનમાં વિચાર કરતો ચાલ્યો ગયો, "કેવાં મૂરખ વાંદરાં! નકલી મૂરખાં!"

વાર્તા બીજી

રાજાનો માળી ને વાંદરાં

એક રાજા હતો. તેને એક બાગ હતો. બાગનો માળી એક મોટો વાંદરો હતો. બાગનાં બધાં મજૂરો પણ વાંદરાં હતાં.

રાજાના કહેવા પ્રમાણે વાંદરાં બાગ બનાવતાં.

એકવાર રાજાને પરગામ જવાનું થયું. જતાં જતાં એણે માળીને કહ્યું, "જો, મારી ગેરહાજરીમાં

ઝાડ અને છોડ તરસ્યાં ન રહે. એને બરાબર પાણી પાજો, ઠેઠ મૂળ સુધી પાણી પાજો."

માળીએ 'જી હા.' કહ્યું ને રાજા ગયો.

પછી વાંદરામાળીએ વિચાર કર્યો. "રાજાનો હુકમ બરાબર પાળવો જોઇએ. ઠેઠ મૂળ સુધી પાણી પાવું જ જોઇએ."

તેણે બધાં વાંદરાંને બોલાવ્યા ને રાજાનો હુકમ કહી સંભળાવ્યો.

વાંદરાં મંડ્યાં ઝાડ અને છોડને પાણી પાવા. ક્યારે ક્યારા પાણીથી છલોછલ ભરી દીધા. સવારથી સાંજ સુધી પાણી પાયા જ કર્યું.

સાંજ પડવા આવી. માળીએ વિચાર કર્યો, પાણી તો ખૂબ પાયું છે. હવે તો જરૂર ઠેઠ મૂળ સુધી પાણી પહોંચ્યું જ હશે; પણ આપણે તો તેની ખાતરી કરવી જોઇએ. ખાતરી કરી રાખીએ એટલે રાજાને કહી શકીએ કે 'ઠેઠ મૂળ સુધી પાણી પાયું છે.'

વાંદરાંને હુકમ મળ્યો કે "બરાબર તપાસ કરો. બધાં ઝાડને ખેંચી કાઢો. ખેંચી ખેંચીને તપાસ કરો. જુઓ કે એકેય મૂળ કોરું તો નથી

રહી ગયું ?"

વાંદરાં મંડી પડ્યાં. મોટાં ને નાનાં ઝાડ ખેંચી કાઢ્યાં, તમામ છોડને ખેંચી કાઢ્યા, આખો બાગ ખેંચી કાઢ્યો. જ્યારે ખાતરી થઇ કે હં, બધાં મૂળીઆંએ પાણી પીધું છે. ત્યારે હાશ કરીને નિરાંતે બેઠાં.

બીજે દિવસે રાજા આવ્યો. વાંદરોમાળી ને વાંદરાં બધાં હરખાતાં હરખાતાં સામાં દોડ્યાં. હોંશથી બોલી ઉઠ્યા, "ઠેઠ મૂળ સુધી પાણી પાયું છે, ઠેઠ મૂળ સુધી. એકેએક ઝાડને."

રાજા કહે, "પણ ઝાડ તો દેખાતાં નથી ! છોડ તો દેખાતા નથી !"

વાંદરાં કહે, "એ પડ્યાં. એકેએકનાં મૂળીઆં ભીનાં છે. ઠેઠ મૂળ સુધી પાણી પાયું હતું. બરાબર તપાસ પણ કરી લીધી છે."

રાજા વાત સમજ્યો. મૂરખ વાંદરાંની મૂરખાઈ સમજ્યો. મનમાં નક્કી કર્યું, "આવાં મૂરખ વાંદરાંને તો આપણી નોકરીમાં ન રખાય."

વાર્તા ત્રીજી

રાજા ને વાંદરો

એક રાજા હતો. તેને એક મિત્ર હતો. એ મિત્ર હતો એક વાંદરો.

વાંદરા વિના રાજાને ઘડીએ ન ચાલે. વાંદરો અને રાજા સાથે ને સાથે જ રહે. બન્ને વચ્ચે ભાઇબંધી.

એક વાર રાજાના દુશ્મનો વધી પડ્યા. એવી

જરૂર પડી કે રાજાનું કોઇએ રાત અને દિવસ રક્ષણ કરવું જોઇએ.

લશ્કરના કેટલા ય સીપાઇઓ ખુલ્લી તલવારે રાજાની ચોકી કરવા નીકળ્યા. રાજાએ તેને પાછા વાળ્યા.

રાજાના કેટલા ય અમીર ઉમરાવોએ રક્ષણ કરવા માંગણી કરી; પણ રાજાએ ના પાડી.

રાજાનાં કેટલાં ય સગાસમ્બન્ધીઓએ રાજાને સાચવા માટે આગ્રહ બતાવ્યો, પણ રાજાએ કહ્યું, "મારૂં રક્ષણ આ મારો મિત્ર વાંદરો કરશે. એના ઉપર મને સંપૂર્ણ વિશ્વાસ છે. એ મારો પક્કો મિત્ર છે, દિલોજાન દોસ્ત છે. બસ, એ જ મારૂં રક્ષણ કરશે. તમે કોઇ ફિકર ન કરતા."

રાજાએ વાંદરાને કહ્યું, "જો જે, મારી પાસે ને પાસે જ રહેજે; ખુલ્લી તલવારે રહેજે. ના પાડવા છતાં મને જે અડે તેને તો ઉડાડી જ દેજે. મને તારા ઉપર વિશ્વાસ છે. કારણ કે તું મારો મિત્ર છે."

વાંદરો રાજાની ચોકી કરવા લાગ્યો. તલવાર લઇને રાજા ફરતો ફર્યા કરે ને કોઇને પણ રજા

વિના રાજાની પાસે જ ન આવવા દે.

રાજા સૌની પાસે વાંદરાનાં વખાણ કરવા લાગ્યો. "કેવો આ મારો વાંદરો મિત્ર છે! કેટલું સરસ મારૂં રક્ષણ કરે છે!"

સૌના મનમાં એમ થવા પણ માંડયું કે "અરે! આ છે તો વાંદરો પણ ઘણો હોશિયાર છે. રાજા કહેતો હતો કે 'મારો મિત્ર છે' તે સાચુંજ નીકળ્યું."

પણ એકવાર જુદું બન્યું. રાજા સૂતો હતો અને વાંદરો ઉઘાડી તલવારે રાજાની પાસે ખડે પગે ચોકી કરતો હતો. એટલામાં ત્યાં ગું ગું ગું કરતો એક ભમરો આવ્યો. વાંદરે તેને ત્યાં ફરવા ના પાડી; પણ ભમરો તો ફરતો જ રહ્યો. એટલુંજ નહિ પણ ભમરો રાજાના શરીરની પાસેને પાસે જવા લાગ્યો. વાંદરાએ તેને ના પાડી કહ્યું કે "જો રાજાના શરીર પર બેસીશ તો તારા ટુકડેટુકડા કરી નાંખીશ"; પણ વાંદરાનું કહેવું ભમરો ક્યાં સમજતો હતો? ભમરો તો ગું ગું ગું કરતો રાજાના શરીર પર બેઠો. વાંદરાને ઘણો જ ગુસ્સો ચઢયો. એના મનમાં થયું, " શું આ દુષ્ટે મારી

ચોકી વટાવી? શું એ મારી રજા વિના રાજાના શરીરને અડે? રાજાનો તો હુકમ છે કે 'રજા વિના મારા શરીરને અડે તેને ઉડાવી દેવો.' બસ, આને પણ ઉડાવી દઇશ."

એમ કરીને વાંદરાએ ભમરાના શરીર ઉપર તલવાર ઝીંકી. પણ અરે! ભમરો તો ગું ગું કરતો ઉડી ગયો અને તલવારનો ઘા તો રાજા ઉપર પડ્યો અને રાજાનું શરીર કપાઈ ગયું.

મરતાં મરતાં બિચારો રાજા બોલ્યો, "અરરે! આ મારો મિત્ર મૂરખ નીકળ્યો! મને લાગે છે કે મૂરખ મિત્ર કરતાં ડાહ્યો દુશ્મન સારો."

આવો વાંદરો મિત્ર પણ આપણે ન જોઇએ.

વાર્તા ચોથી

વાંદરો ને મગર

એક વાંદરો હતો. દરિયાકાંઠે જાંબુડાના ઝાડ ઉપર તે રહેતો. વાંદરો જાંબુડાનાં જાંબુડાં ખાય ને મઝા કરે,

એક વાર દરિયાનો મગર કાંઠે આવેલો, તેણે વાંદરાને જાંબુ ખાતો જોઈને કહ્યું, "અલ્યા એ, મને પણ પાંચ જાંબુ આપને. હું જોઉં તો ખરો કે

એનો સ્વાદ કેવો છે ?"

વાંદરે પાંચ જાંબુ નાંખ્યાં ને મગરે ખાધાં. મગરને જાંબુ બહુ મીઠાં લાગ્યાં. તેને તો હવે રોજને રોજ જાંબુ ખાવાનું મન થયું. પછી તો મગર રોજ કાંઠે આવે ને વાંદરો તેને જાંબુ આપે. એમ કરતાં તો બન્નેને ભાઇબંધી થઇ. વાંદરો રોજ સારાં સારાં જાંબુ મગર માટે રાખી મૂકે ને મગર આવે ત્યારે તેને આપે. મગર પણ રોજ આવ્યા વિના રહે નહિ. પછી તો ભાઈબંધી એવી વધી કે રોજને રોજ થોડાં થોડાં જાંબુ વાંદરો મગરને માટે રાખી મૂકે. મગર વહેલો મોડો આવે તો પણ તેને જાંબુ ખાવાનાં તો મળે જ.

દોસ્તી એવી તો વધી કે મગરે વાંદરા ભાઇબંધની વાત મગરીને કહી. મગરી કહે, "ત્યારે તો મારે માટે પણ જાંબુ લેતા આવજો."

પછી તો રોજને રોજ વાંદરો મગર ને મગરી બન્નેને માટે જાંબુ વીણી રાખે ને રોજ ને રોજ મગરને જાંબુ આપે. ને રોજ ને રોજ મગર જાંબુ ખાય ને મગરીને માટે લઇ જાય.

મગરી પણ જાંબુ ખાતી જાય ને વાંદરાનાં

વખાણ કરતી જાય, જાંબુના વખાણ કરતી જાય.

એમ કરતાં જાંબુની ઋતુ પૂરી થઇ ને મગરીને જાંબુ મળતાં બંધ થયાં.

મગરીને તો જાંબુ બહુ ભાવેલાં. મગરી મગરને કહે, "જાંબુ તો થઇ રહ્યાં, પણ વાંદરો તો છે ને?"

વાંદરો કહે, "તે?"

મગરી કહે, "વાંદરાનું કાળજું લઈ આવોને. જાંબુ ખાઇ ખાઇને એવું તો મીઠું થયું હશે!"

મગર કહે, "અરે! એમ તે થાય? એ તો મારો મિત્ર કહેવાય. જેણે આજ સુધી તને અને મને જાંબુ ખવડાવ્યાં તેનું કાળજું તે મગાય?"

મગરી તો રીસે બળીને રીસાઇ. દીવો ઓલવી નાખ્યો, હાંડલું ફોડી નાખ્યું, તાવડી તોડી નાખી, ખાટલો ઉંધો પાથર્યો, ઘરમાં પોદળો નાખ્યો, મોઢે મેશ લગાડી ને મોં ચડાવીને બેઠી.

મગર મુંઝાયો. મગરીને ખૂબ સમજાવી; પણ એ તો એકની બે ન થઇ. આખરે તે થાકયો. મનમાં થયું, "ચાલ, ત્યારે વાંદરાને લઇ આવું."

મગરે મનમાં ઘાટ ઘડયો. કિનારા ઉપર જઇને વાંદરાને કહે, "વાંદરા, તારી ભાભી તને બહુ સંભારે

છે. આજે તો તને ખાસ ખાસ બોલાવ્યો છે. તારે માટે તો મોતીના સાથીઆ પૂર્યા છે, આશોપાલવના તોરણ બાંધ્યાં છે ને સાકરીઆ કંસાર કર્યો છે. ભાભીએ કહ્યું છે કે 'આજ દિવસ સુધી વાંદરે જાંબુ ખવડાવ્યાં તો હવે કોઇ દિવસ હું પણ કંઇક ખવરાવુંના ?' "

વાંદરાનું મન લોભાયું. એ કહે, "ચાલ ત્યારે."

મગરની પીઠ પર વાંદરો બેઠો ને બન્ને દરિયાની અંદર ઉપડ્યા.

પાણીનો મારગ કાપતો કાપતો મગર અરધે મારગે આવ્યો એટલે વાંદરાને કહે, "ભાઇ, શું કરૂં ? મગરી રીસાઇને બેઠી છે, નિકર તને અહીં ન લાવત !"

વાંદરો ચમક્યો ને બોલ્યો "હેં ! શી વાત છે ? ભાભી શા માટે રીસાઇ છે ? "

મગર કહે, "ભાઇ, મેં તો ઘણીએ સમજાવી; પણ તે તો હઠ લઇને જ બેઠી છે કે, બસ, વાંદરાનું કાળજું લાવો ને લાવો' વાંદરો નવાઇ પામ્યો; પણ મનમાં ચેતી પણ ગયો.

વાંદરો કહે, "ઓહો! એમાં ચિંતા શા માટે કરે છે? મારી ભાભી માટે તો જે જોઇએ તે આપું

કાળજું તો શું પણ મારો જીવ સુદ્ધાં આપું; પણ વાત એમ છે કે મારૂં કાળજું જાંબુડે રહી ગયું છે. ગઇ કાલે મેં તે ધોઇને સુકવ્યું હતું. તેં મને પહેલેથી કંઈ કહ્યું નહિ એટલે તે ત્યાં જ રહી ગયું. હવે?"

મગર કહે, "ચાલો ત્યારે પાછા જઇએ અને કાળજું લઈ આવીએ."

વાંદરો કહે, "એમ જ કરવું જોઇએ."

મગર અને વાંદરો પાછા વળ્યા.

જેવો કિનારો આવ્યો કે વાંદરો બોલ્યો, "આ પેલું કાળજું. આ પેલા ઝાડ ઉપર સુકાય! હમણાં લઈ આવું છું."

એમ કરીને વાંદરો કુદ્યો ને ઝાડ ઉપર ચડી ગયો.

એ તો ત્યાં જઈ નિરાંતે બેઠો. ઘણી વાર થઇ એટલે મગર કહે, "કાં ભાઇ, ચાલને, બહુ મોડું થાય છે. તારી ભાભીએ રાંધેલી લાપશી ઠરી જતી હશે!"

વાંદરો ખડખડ હસ્યો ને બોલ્યો "ભાઇ, પહેલાં તો સાચે જ મારૂં કાળજું જાંબુડે હતું; પણ હવે

તો મારૂં કાળજું ઠેકાણે આવ્યું છે. હવે હું કાંઇ ગાંડો નથી કે હાથે કરીને મરવા આવું. ભાઈ, હવે તું પાછો જા અને તું ને મગરી મારે માટે રાંધેલી લાપશી ખાજે. જા, ઝટ જા, લાપશી ઠરી જશે."

卐

વાર્તા પાંચમી

વાંદરાના વિચાર

એક હતો વાંદરો. રાત પડે ને ટાઢે ધ્રુજે. રોજ રાતે એ વિચાર કરે કે "કાલે બખોલ ખોદીશ, કાલે માળો બાંધીશ, કાલે ઝુંપડી બનાવીશ."

પહેલે પહોરે વિચાર કરે, બીજે પહોરે વિચાર પાકો કરે, ત્રીજે પહોરે વિચારને મક્કમ કરે ને ચોથે પહોરે તો ચોકસાઇથી બોલી ઉઠે કે બસ કાલે સવાર

પડે એટલે બખોલ ખોદીશ, માળો બાંધીશ અથવા ઝુંપડી બાંધીશ."

કડકડતી ટાઢ ઓછી થવા લાગે. કુમળો સૂર્ય ઉગે, તડકો વધે ને વાંદરભાઇની ટાઢ ઉડે. ટાઢ ઉડે ને વાંદરભાઇ કૂદે. એક ઝાડેથી બીજે ઝાડે ને બીજેથી ત્રીજે. ફળ ખાય, ફુલ ખાય, વહેતી નદીનાં પાણી પીએ ને વચ્ચે વચ્ચે હુકાહુક હુકાહુક કરે.

સવારના બપોર થાય. બપોરની સાંઝ થાય. સાંઝના વાળુ થાય. સોપો પડે. વાંદરાભાઇ ખાય, પીએ ને મોજ કરે.

પણ રાત વધે ને ટાઢ પડે. વાંદરભાઇ વળી પાછા ટાઢે ધ્રુજે. દાઢી ડગડગે. દાંત કડકડે ને મનમાં વિચાર કરે, "કાલે તો સવારમાં જ માળો બાંધું, બપોરે ઝુંપડી બાંધુ ને રાત પડયે નિરાંતે પથારીમાં ઉંઘું.

વિચાર પાકો કરે ને ફરી ફરીને મજબુત કરે.

ત્યાં તો સવાર પડે. સૂર્ય દેખાય, ઉના વા વાય ને વાંદરભાઇની ટાઢ ઉડે. ટાઢ ઉડે ને વાંદરભાઇ કૂદે.

"એવી મહેનત તે કોણ કરે ? બખોલ ખોદતાં નો'ર દુઃખે. માળો બાળો તે કોણ બાંધે ? પંખીઓને કાંઇ ધંધો નહિ હોય ! ઝુંપડી બુંપડી તે કોણ બાંધે ? નાહકની મહેનત પડે. આ મઝાનાં ફળો ! આ મઝાનાં ફૂલો ! ચાલોને બાગબગીચે ફરીએ ને ફળફૂલો ખાઇએ.

દિવસ આખો ચાલ્યો જાય ને વાંદરભાઇ મઝા કરે.

વળી રાત પડે ને ટાઢ કહે મારૂં કામ. ટુંટીઆં વાળીને વાંદરભાઇ બેસે. કાયા થરથર કંપે, પુંછડી ઠરીને હીમ જેવી થઇ જાય ને ટાઢમાં કાન તો ન હલે ! મનમાં વાંદરભાઇ વિચાર કરે.

" બસ, કાલે ઝુંપડી બાંધુ જ બાંધું, માળો કરૂં જ કરૂં, બખોલ ખોદું જ ખોદું. આ ટાઢ તો નથી સહેવાતી. બસ, આજનો નિશ્ચય તો ફરે જ નહિ. "

નિશ્ચય ભૂલી ન જવાય માટે વાંદરે પૂંછડીએ સાત ગાંઠ બાંધી.

પણ કુકડો બોલ્યો, અજવાળું થયું, ટાઢ મોળી પડી, સૂર્યનો તડકો પડયો ને વાંદરભાઇ ભૂલ્યા.

મનમાં કહે, "આ પૂંછડાને ગાંઠે કોણે બાંધી?" ઝટ કરતી ગાંઠે છોડી નાંખી ને વાંદરભાઇ કુદ્યા.

ખાતાં પીતાં ને મઝા કરતાં વાંદરભાઈ દિવસ આખો રાચ્યા. જાણે રાત પડવાની નથી, ટાઢ વાવાનીજ નથી, દાઢી ડગડગવાની નથી!

પણ રાત તો પડી જ. ટાઢ વાવા લાગી. વાંદરભાઇએ વળી નિશ્ચય કર્યો. વળી મક્કમ થયા–ને વળી રાત વીતાડી.

વળી દિવસ થયો. વળી વાત ભૂલ્યા. વળી ડાળે કૂદયા, વળી મોજ કરી ને વળી દિવસ વીતાવ્યો, વળી રાત પડી, ટાઢ વાવા લાગી, વાંદરભાઇ વળી મક્કમ થયા ને વળી રાત વીતાડી.

વળી દિવસ થયો, વળી વાત ભૂલ્યા, વળી ડાળે મોજ કરી ને વળી દિવસ વીતાવ્યો.

વાંદરભાઇની એમ રાત પડે છે, એમ ભાઇને ટાઢ વાય છે, એમ સવાર પડે છે, એમ મોજ ચાલે છે, એમ રાત પડે છે ને એમ ટાઢ વાય છે. એ ભગવાન એના એ!

卐

વાર્તા ૭ મી

વાંદરાનો ન્યાય

બે બિલાડીઓ હતી. બન્ને એકવાર લડી પડી. શા માટે? એક રોટલાને માટે.

એક કહે, "આખો રોટલો મારો." બીજી કહે, "ના. આખો રોટલો મારો." એક કહે, "આખો રોટલો હું ખાઉં." બીજી કહે, "ના, આખો રોટલો હું ખાઉં." એમ કરતાં બન્ને બિલ્લીઓ લડી પડી. પૂછડાં જાડાં કર્યાં, ઘુરઘૂર અવાજ કર્યા અને એક

બીજાને બચકાં ભર્યાં ને નો'ર માર્યા. બિલાડીઓ લડી ને એક બીજાને લોહી કાઢ્યાં. લડતાં લડતાં થાકી. એકાએક સાંભર્યું આના કરતાં તો આપણે રોટલો વહેંચી લઇએ તો સારું.

બિલાડીઓ કહે, "ચાલો ત્યારે વહેંચણુ કરીએ." પણુ એક કહે, "વધારે રોટલો મારો." બીજી કહે, "વધારે રોટલો મારો." એક કહે, "મને ભૂખ વધારે લાગી છે માટે મને વધારે." બીજી કહે, "મને ભૂખ વધારે લાગી છે માટે મને વધારે." એમ કરતાં વળી પાછી લડી પડી. વળી પાછું ઘૂરકાઘૂરકી, પૂંછડી જાડી, બચકા બચકી, નોરમનોરી અને લોહીલુહાણ!

પણ આખરે થાકી. ડાહી થઇ ને કહે, "ચાલો આપણે કોઇની પાસે વહેંચણુ કરાવીએ."

ભોગ લાગ્યાને રસ્તે એક વાંદરો મળ્યો. વાંદરો કહે, "ચાલો, તમારો ન્યાય કરું. ચાલો, તમને વહેંચી આપું. મને ન્યાય કરતાં બહુ આવડે છે." વાંદરાએ મીઠાં વેણુ બોલી બિલાડીને ભોળવી.

બિલાડી કહે, "લે ત્યારે આ રોટલો. અમને ભાગ પાડી આપ. તને અમે રાજી કરીશું."

વાંદરો કહે, "મારે કાંઇ ન જોઇએ. હું તો

ન્યાય ઇચ્છું, શાન્તિ ઇચ્છું. મારો બદલો એ કે તમે કજીયો કરતાં મટો."

બિલાડીને મનમાં થયું, કેવો ભલો વાંદરો! કેવો ન્યાયી વાંદરો!

ઠાવકું મોં કરી વાંદરે તાજવાં કાઢ્યાં. રોટલો હાથમાં લીધો ને બે કટકા કર્યા. એક મૂક્યો એક પલ્લામાં ને બીજો મૂક્યો બીજા પલ્લામાં.

પણ ભાઇસાહેબે કટકાજ એવા નાના મોટા કરેલા કે એક પલ્લું ઉંચું ગયું ને બીજું નીચું ગયું!

વાંદરો ગણગણ્યો કટકા સરખા નથી લાગતા. સરખા કરવા જોઇશે.

તુરત જ ભારે કટકામાંથી એક મોટું એવું બચકું ભર્યું ને ગંભીરતાથી તે ઉડાવ્યું.

શું બન્યું તેનો વિચાર બિલાડીઓ કરી રહે તે પહેલાં તો વાંદરાએ કટકાને ફરીવાર પલ્લામાં મૂક્યાં.

બિલાડીઓ ન્યાયની રાહ જોતી બેઠી.

વળી પલ્લું નમ્યું ને એક અદ્ધર ગયું. બિલાડીઓ કંઇ બોલવા જાય તે પહેલાં તો વાંદરભાઇએ એક બટકું ભરી ખાધું ને ફરી તોળવાનું શરૂ કર્યું.

બિલાડીઓએ એક બીજાની સામે જોયું.

મનમાં બોલી, "અરે! આતો ઉલમાંથી ચુલમાં પડ્યા લાગીએ છીએ. આ વાંદરે તો ખાવા માંડયું."

ત્યાં તો વાંદરો બોલ્યો, બ્હેનો, આ રોટલો કોણ જાણે કેવોય છે કે બરાબર તોળાતો નથી. ને મારે તો અદલ ન્યાય કરવો જ જોઇએ. રોટલો ખલાસ થશે તો પણ હું તો તોળ્યા જ કરીશ. ગમે તેમ થાય તો પણ ન્યાય તો કરવાનો જ. તમે ઉંચી નીચી થાઓ છો તે હું જોઉં છું; પણ તેથી શું થઇ ગયું? હું ન્યાયની ખાતર ન્યાય કરવાનું છોડીશ જ નહિ."

બિલાડીઓ ઢીલી થઇ ગઇ. વાંદરાના ન્યાય કરવાની ઇચ્છા આગળ કશું બોલી જ ન શકી. બાપડી ડઘાઇ ગઇ, ચૂપચાપ બેસી રહી.

વાંદરે તોળવાનું આગળ ચલાવ્યું. વારંવાર રોટલાના ટુકડા કાપતો જાય ને ફરી ફરીને તોળતો જાય.

આખરે બિલાડીઓ ગભરાઇ. તેમને થયું, "હવે તો રોટલાનો છેલ્લો ટુકડો પણ જશે!" તેઓ અધીરી થઇ. હિંમત લાવીને કહે, "એ ભાઇ હવે, બસ રાખ. અમારે તારો ન્યાય નથી જ જોઇતો.

બસ નથી જ જોઇતો. અમે અમારી મેળે અમારૂં ફોડી લઇશું. તેં તો ન્યાયને નામે પેટ ભર્યું !"

વાંદરે ઠંડે પેટે કહ્યું, "બ્હેનો, તમે મારી પાસે ન્યાય કરાવવા આવ્યાં તે બહુ સારૂં થયું. હું સાચે જ તમારો ઉપકાર માનું છું. અને આ છેલ્લો ટુકડો તો માફ કરજો હું તમને નહિ આપી શકું. મેં તમારે માટે કેટલી બધી તસ્દી લીધી છે? ન્યાયની ખાતર—એ તસ્દી ખાતર આટલો રોટલો મારે જ ખાવો જોઇએ."

આમ કહી વાંદરે છેલ્લો ટુકડો ઉપાડયો, મોંમાં મૂકયો ને હળવેથી, શાન્તિથી, ગંભીરતાથી ગળા નીચે ઉતાર્યો !

બિચારી બિલાડીઓ ! વિલે મોંએ એક બીજાની સામે જોઈ રહી. ભૂખે પેટે, લથડતે પગે, ઢસરડાતી ઢસરડાતી ચાલવા લાગી.

મનમાં મનમાં તેઓ બોલી રહી, "સંપ ન રહે તો ભલે અંદર અંદર લઢી મરીએ; પણ કદિ પણ આપણે આવા વાંદરા પાસે તો ન જ જઇએ. એના સપાટામાં ન જ આવીએ."

વાર્તા સાતમી

વાંદરો ને સુગરી

વરસાદ ધોધમાર વરસતો હતો. ચોમેર પાણી પાણી થઇ ગયું હતું. ક્યાંય ઉભા રહેવાય એમ ન હતું. પશુપક્ષી બધાં થાળે માળે બેસી ગયાં હતાં. માણસો તો ઘરમાં જ પેસી ગયાં હતાં.

પણ એક વાંદરો બહાર હતો. એને ઘર નહોતું, બાર નહોતું ને માળો પણ નહતો. બિચારો

બાવળનાં ઝાડે બેઠો બેઠો ધ્રૂજતો હતો. ડાઢી ડગમગતી હતી અને કાન કડ કડ થતા હતા.

એ જ ઝાડની ડાળે સુગરીનો માળો હતો. માળામાં પાણીનું એક પણ ટીપું નહોતું પડતું. માળામાં સુગરી નિરાંતે બેઠી હતી. બચ્ચાંકચ્ચાંને પાસે લઈને બેઠી હતી.

તેને વાંદરાંના દાંતની કડકડાટી સાંભળી દાઝ ચડી. બિચારો ટાઢે ધ્રૂજતો હતો તેના પર ઉલટી ખીજાઈને બોલી, "મૂરખ વાંદરા, એટલી ખબર ન હતી કે ચોમાસું આવશે ને વરસાદ વરસશે. બેવકુફ, આખો શિયાળો ને ઉનાળો ઝાડવેથી ઝાડવે કુદ્યો અને મોજ કરી. એ વખતે બખોલ શોધી હોત, માળો કર્યો હોત, તો આવો વખત આવત કે?"

વાંદરાને આ ઉપદેશ આકરો લાગ્યો. માઠું તો લાગ્યું; પણ ધીરજથી તેણે જવાબ આપ્યો, "હશે બ્હેન, મારી ભુલ થઈ. જે થયું તે થયું, હવે શું થાય?"

સુગરી ઉલટી તાડુકીને બોલી, "જો હવે ડાહ્યો થવા બેઠો છે. કહે છે કે, 'મારી ભૂલ થઇ.' એવી ભૂલ કરી જ શા માટે? રખડતાં પાછું વાળીને

જોયું નહિ ને હવે કહે છે કે, 'જે થયું તે થયું ?'"

વાંદરે વળી ધીરજ પકડી કહ્યું, "બ્હેન, મને ટાઢ બહુ વાય છે. કંઈ ઉપાય હોય તો બતાવ. હવે આગળથી માળો બાંધી રાખીશ."

સુગરી વધારે તડુકીને બોલી, "બાંધ્યા, બાંધ્યા. તું રખડુ શું બાંધતો હતો? મેં મારો માળો કેવો સરસ બાંધ્યો છે. છે એમાં પાણીનું એક પણ ટીપું ? એ કાંઇ આળસુ પશુનું કામ નહિ. અને તું તો એજ લાગનો છે. દાંત કડકડે છે તે છો કડકડે. સૌનું કર્યું સૌ ભોગવે. એમાં હું શું કરૂં ?"

વાંદરે વળી ધીરજથી કહ્યું, "માફ કરો બ્હેન. હવેથી હું તમને તસ્દી નહિ આપું. ભલે મારૂં કર્યું હું ભોગવીશ. માફ કરો બ્હેન."

સુગરી ઉલટી વધારે ચડી. "જો હવે માફી માગવા આવે છે! આળસુ, બેવકુફ, નાલાયક વાંદરા, તારી માફીની મને પરવા નથી. હું તો તને ધિક્કારૂં છું અને ધિક્કારીશ. મારે તારી શી પડી છે. જા, રાત આખી ટાઢે મર. હું તો મારે મારા આ સુંદર હુંફાળા માળામાં આ બેઠી."

વાંદરાંની ધીરજ ખૂટી ગઇ. તે આકળો બન્યો.

તે ક્રૂધો ને બોલ્યો, "લે ત્યારે તારા માળાનું બહુ અભિમાન રાખે છે તે. લે ત્યારે હવે નિરાંતે હુંફાળી પથારીમાં સૂઇ જોજે. ક્યારની ડબડબ કરે છે તે."

વાંદરે સુગરીનો માળો વીંખી નાખ્યો.

વરસાદ વાંદરા પર અને સુગરી પર એક સરખો પડવા લાગ્યો. એક બીજાં એક બીજા સામે જોઈ રહ્યાં.

વાર્તા આઠમી.

વાંદરો ને વટાણા

વાંદરો ઝાડ ઉપર બેઠો હતો. કોઈ મુસાફર નીકળ્યો ને ઝાડ નીચે ઉતર્યો. વટાણાની પોટલી કાઢી વટાણા ખાવા લાગ્યો.

વાંદરાના મનમાં થયું, "મુસાફર જરા આઘો પાછો થાય તો આ વટાણા ઉપાડું."

મુસાફર જરા જઈ આવવા ગયો. વટાણાની

પોટલી વી'લી પડી. ને વાંદરભાઈ સરસર કરતા ઝાડથી ઉતર્યા ને બે હાથની બે મુઠીમાં વટાણા લીધા ને પાછા ઝાડે ચડ્યા.

મલકાતા મલકાતા એક હાથમાંથી એક એક દાણો વટાણો ખાવા માંડ્યા.

ખાતાં ખાતાં એક દાણો નીચે પડયો.

વાંદરાના મનમાં થયું, "એ દાણો શેનો જવા દઉં. એને પણ લઇ આવું."

નીચે જવાનો વિચાર કર્યો ને ધુનમાં ને ધુનમાં ઝટ કરતા મુઠીમાંના દાણા નાખી દીધા અને સરસર કરતો નીચે ઉતરવા લાગ્યો; પણ ત્યાં તો પેલા મુસાફરે વાંદરજીને પડકાર્યા ને વાંદરજી ત્યાંના ત્યાં ચોંટી રહ્યા.

આમ કરીને વાંદરજી જમીન પરના વટાણા સામે જોઇ રહ્યા. મનમાં થયું, "અરે, આ એક લેવા જતાં અનેક ખોયા!"

વાર્તા નવમી

વાંદરાનો ઘા!

વાંદરા આંબલીપીંપળી રમતા હતા. એક વાંદરો પડયો ને તેને વાગી ગયું.

ઘા લાગ્યો ને પંપાળતો તે ઝાડ નીચે બેસી ગયો.

વાંદરાભાઇઓની લાગણી ઉભરાઈ આવી. સૌ ઝાડ ઉપરથી ઉતરી આવ્યા ને વાંદરભાઈની ખબર

પૂછવા લાગ્યા. ખબર પૂછી ઘા જોવા લાગ્યા. "જોઈએ કેવુંક વાગ્યું છે ?"

એક જણે ચામડી જરા પહોળી કરી ઘાને જોયો. "માળું, લાગ્યું તો છે !"

બીજા જણે જોયું ને કહ્યું, "જરા ઊંડું લાગ્યું છે હોં." ત્રીજા જણે લાગણી બતાવી, "લાગ્યું તો છે હોં." વળી ચોથો જણ આવ્યો. એ હાથે ચામડીને ઉંચી કરીને ઘાને જોયો. લાગણી બતાવી તે પાછો ફર્યો.

પાંચમા જણે એમ જ કર્યું. છઠ્ઠાએ પણ એમ, સાતમાએ પણ, દશમાએ પણ એમ જ વીસમાએ પણ એમ !

ઘા બિચારો મોટો ને મોટો [illegible]વા લાગ્યો. ચામડી પહોળી ને પહોળી થવા લા[illegible]. પહેલાં તો આંગળ જેટલો જ ચીરો હતો, પછી તો એક મોટો ખાડો પડ્યો ને ઘા ઉંડો થયો.

એક ઝાડના વાંદરા આવ્યા ને ઘા વીં[illegible] વળ્યા. બીજા ઝાડના આવ્યા ને તેમણે પણ [illegible] વીંખ્યો. બિચારા વાંદરાથી કેમ ના પડાય ? એ તો [illegible] [illegible]ઢવા આવતા હતા !

ત્રીજા ઝાડનાં વાંદરાં આવ્યાં ને ઘા ચૂંથવા લાગ્યાં. એમ કરતાં કેટલાં ય ઝાડનાં વાંદરાં આવ્યાં ને ઘાને એક મોટા ખાડા જેવડો કરી નાખ્યો. વાંદરાના આખા શરીરે ઘા ફેલાયો.

પછી તો જંગલોનાં બીજાં વાંદરાંને ખબર પડવા લાગી.

એક જંગલનાં વાંદરાં આવ્યાં ને ઘાને તપાસ્યો. "કેવડો મોટો ઘા ! બિચારાને બહુ પીડા થતી હશે."

બીજા જંગલનાં વાંદરાં આવ્યાં ને ઘાને ફેરવી ફેરવીને જોઇને કકળી ઉઠયાં, "ભારે ભયંકર ઘા ! બિચારાનું આખું શરીર ખવાઇ ગયું છે !"

જંગલનાં વાંદરાં આવ્યાં ને ગયાં. ઘા તો મોટો જ થતો ચાલ્યો ! દુ:ખની લાગણી ચોમેર વધતી ચાલી. "બિચારો વાંદરો ! કેવડો મોટો ઘા ! ઓ રે !"

સઘળાં વાંદરાં લાગણીએ આવી ગયાં. અંધારૂં થવા આવ્યું ને ઘાનું દર્દ વધ્યું. બિચારો ઘવાએલ વાંદરો પીડાતો પીડાતો, વાનર-મિત્રોની લાગણીના તળે કચડાતો કચડાતો આખરે મરણ પામ્યો !

બીજી સવારે વાંદરાઓએ એકઠા થઇ કહ્યું, "કેવો મોટો ઘા પડેલો! જીવલેણ ઘા! આવો મોટો ઘા કેવી રીતે વાગ્યો હશે? કોણે વગાડ્યો હશે?"

વાર્તા દશમી.

મૂરખ વાંદરો

સુતારની કોઢ હતી. કોઢ પાસે એક લીંબડો હતો. લીમડા ઉપર એક વાંદરજી રહે.

રોજ સુતાર લાકડાં વહેરે ને વાંદરજી દેખે.

વાંદરજીના મનમાં થાય, "આપણે પણ શા માટે લાકડું ન વહેરીએ? એની જેમ બે પગ

આમ

ખેંચીશ શું સુતારને જ એ કામ આવડે ?"

રોજ રોજ વિચાર કરતાં એકવાર વાંદરાએ તક સાધી. સુતાર જમવા ગયો હતો. લાકડું અડધું વહેરેલું હતું ને અડધું વહેરવાનું બાકી હતું. કરવત કાઢીને સુતારે વહેરેલા ભાગ વચ્ચે ફાચર મૂકી હતી. એટલા માટે કે વહેરેલાં લાકડાં ભેગાં ન થઇ જાય.

આમ આમ જોતા, હળવે હળવે, વાંદરાભાઇ નીચે ઉતર્યા. સુતારની જેમ ચાલ કરી, સુતારની જેમ ખોંખારો ખાધો, સુતારની જેમ બીડી સળગાવી, મોંમાં બીડી રાખી ને લાકડા પાસે આવ્યા. મનમાં વિચાર કર્યો "હં, આવી જ રીતે સુતારભાઇ વહેરે છે. આવી રીતે બેસે છે. આમ ફાચર કાઢી ને આમ કરવતી હલાવે છે. એમાં મોટી શી વાત છે ?"

વાનરભાઇ લાકડા પર પહોળા પગ રાખી બેઠા. ખબર નહિ કે ફાચરથી પડેલ પહોળી તડ વચ્ચે ભાઇની પૂંછડી આવેલી છે !

સુતાર જેમ મોઢું હલાવી, જોર કરી

[illegible]

બે લાકડાં ચપ કરતાં ભેગાં થયાં. ચીસ પાડીને વાંદરો કૂદી પડ્યો, "ઓ બાપરે !"

ત્યાં તો સુતાર દોડ્યો ને લાકડું લઈ વાંદરાની પાછળ પડ્યો. વાંદરાભાઈ ઝાડ ઉપર ચડી ગયા.

આમ કરીને જોયું કે અહીં આ દુઃખે છે શું ? હાથ ફેરવીને જુએ ત્યાં તો પૂંછડી ન મળે ! વાંદરજી કહે, "અરરર્ આ તો પૂંછડી કપાઇ ! લાકડું વહેરતાં પૂંછડી કપાઇ !"

વાંદરે આ વાત ઘણી છુપાવી, પણ વાંદરાંની જાત !

પૂંછડી કેમ કપાઇ તેની સૌ તજવીજ કરવા લાગ્યાં. એકે બીજાને પૂછ્યું, બીજાએ ત્રીજાને પૂછ્યું. આખી દુનિયામાં પૂછાપૂછ ચાલી રહી.

એક બાંડા વાંદરે લટકતી પૂંછડી શોધી કાઢી ને બધી વાત બહાર પાડી.

એક લેખક વાંદરે વાંદર ભાષામાં લખી નાખી. એક ગુજરાતી વાંદરે તેને ગુજરાતીમાં ઉતારી.

રાષ્ટ્રીય બાલસાહિત્યમાળા

૧. વાનરસેનાનાં ગીતો ભાગ ૧ લો

૨. આવાં વાંદરાં ન જોઈએ

લેખક: શ્રી ગીજુભાઈ

વાનરોને રમુજ આપે એવી દસ વાર્તાઓનો સંગ્રહ.

૩. વાનરસૈનિક રમેશ

લેખક: ચન્દ્રશંકર ભટ્ટ

એક વાનરસૈનિકનાં દેશપ્રેમ, સાહસ ને નિડરતાની રસિક બાલકથા. અદ્‌ભુત ઘટનાઓ ને અવનવા પ્રસંગો વાંચતાં વાનરમિત્રો તલ્લીન બની જાય એવી આ વાર્તા છે.

શ્રી હંસાબ્હેન મ્હેતાએ એની પ્રસ્તાવના લખી છે.

લખો: